ગુજરાત રાજ્યના સુનિયોજિત પાટનગરમાં રખરખાવની કમી છે એવું અનેકવાર ગવાયું છે, જે બાબતનો વધુ એક પુરાવો સેક્ટર-૧૭ની આ તસવીર આપે છે. દિશાસૂચક બોર્ડ કચરામાં પડ્યા છે. (તસવીર : દિપક જાની)

નવા નામાભિધાન મુજબ ઘ-૦ પાસે પ્રથમ બોર્ડ મુકાશે

માર્ગોની ઓળખ દર્શાવતા બોર્ડ મુકવાનું કામ શરૂ

ગાંધીનગર, તા. ૧૩

શહેરના વિવિધ માર્ગો પર નવા નામાભિધાન મુજબ બોર્ડ મુકવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં પ્રાયોગિક ધોરણે ઘ-૦ નજીક પ્રથમ કેન્ટીલીયર મુકવામાં આવશે. ત્યારબાદ શહેરના અન્ય માર્ગોના નવા નામાભિધાનને અનુલક્ષી અન્ય ૨૫ ઠેકાણે બોર્ડ લગાવવાનું કામ હાથ ધરાશે.

નગરના માર્ગો અને સર્કલોને સરકાર દ્વારા નવી ઓળખ અપાયા બાદ નવા નામાભિધાનની સાચા અર્થમાં લોકસ્વીકૃતિ થાય તેવા આશયથી શહેરમાં વિવિધ ૨૬ જેટલા સ્થળોએ માર્ગોની ઓળખ દર્શાવતા બોર્ડ મુકવામાં આવનાર છે. માર્ગોની નવી ઓળખ પ્રસ્થાપિત કરવા મુકવામાં આવનાર બોર્ડ પાછળ રૂ. ૧૬ લાખનો ખર્ચ કરવામાં આવનાર છે. જેમાં ૬ મોટા અને ૨૦ નાના રીફ્લેક્ટીવ બોર્ડ લગાવવાનું આયોજન કરાયું છે. વિવિધ બે પ્રકારના આ બોર્ડ મુકવાની કામગીરી સંદર્ભે ટેન્ડરપ્રક્રિયા પૂર્ણ થતા કામ પણ શરૂ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નગરના પ્રવેશદ્વાર ઘ-૦ પાસે પ્રથમ તબક્કે કેન્ટીલીયર પ્રાયોગિક ધોરણે લગાવાશે. ત્યારબાદ શહેરના અન્ય માર્ગો પર નિયત કરાયેલા પોઈન્ટ ઉપર બોર્ડ મુકવાનું કામ પૂર્ણ કરાશે. જ્યારે આ કામગીરી આગામી દોઢ મહિનામાં પૂર્ણ કરી દેવાશે. શહેરના વિવિધ માર્ગો અને સર્કલોને નવી ઓળખ અપાયા બાદ અંદાજિત એક વર્ષના અંતે બોર્ડ મુકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ હજુ માર્ગો પર સ્થિત બસસ્ટેન્ડો પર જૂના નામો ચિતરાયેલા જોવા મળે છે.

રાજ્ય સરકારના કર્મચારીઓને જી.પી.એફ.ની સ્લીપો ૨૧મી જૂનથી વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકારના વર્ગ-૧, ૨ અને વર્ગ-૩ના કર્મચારીઓની વર્ષ ૨૦૧૧-૧૨ની જનરલ પ્રોવિડન્ટ ફંડના હિસાબોની સ્લીપો જે તે કર્મચારી તા. ૨૯-૨-૧૨ના રોજ જે કચેરીમાં નોકરી કરતા હતા તે ઉપાડ અધિકારીને તા. ૨૧-૬-૨૦૧૨થી મોકલવાની શરૂ કરાશે એમ એકાઉન્ટ જનરલ, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર ઉપાડ અધિકારીએ સ્લીપની સાથે જોડવામાં આવેલ તેમની કચેરીના કર્મચારીઓની જી.પી.એફ. ખાતા નંબરની યાદી સાથે સરખાવી જે તે કર્મચારીની સહી લઈ સોંપી દેવાની રહેશે. જે કર્મચારીઓની અન્ય કચેરીમાં બદલી થઈ હોય તેઓને તેમના જી.પી.એફ. ખાતાની સ્લીપ તેના ઉપાડ અધિકારીને મોકલી દઈને અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

દરેક કર્મચારીએ સ્લીપ મળ્યા બાદ ચકાસણી કરી તેમાં કોઈ ભૂલ જણાય તો જરૂરી આધાર પુરાવાની નકલ સાથે આ કચેરીનો સંપર્ક કરવો. તેમજ તેમના જી.પી.એફ.ને લગતા કોઈપણ વણઉકેલ પ્રૌ સંદર્ભે શ્રી ડી. આર. વણકર અને સુશ્રી ઈન્દુ અગ્રવાલ, રાજકોટનો પત્ર દ્વારા સંપર્ક કરવા જણાવાયું છે.

જમીન ખેડવાની ના પાડતા મહિલાએ દવા ગટગટાવી

ગાંધીનગર, તા. ૧૩

ગલુદણમાં જમીન ખેડવાની બાબતે ભાઈ સાથે તકરાર થતા મહિલાએ દવા ગટગટાવતા તેણીની તબિયત લથડી હતી. ૩૫ વર્ષીય કૈલાસબેન બાબુજી ઠાકોર ગલુદણ ગામમાં પિયર ગયા હતા જ્યાં જમીન ખેડવાની બાબતે તેમના ભાઈ સાથે તેમને તકરાર થઈ હતી. જમીન ખેડવાની ના પાડતા તેમને લાગી આવતા કૈલાસબેને દવા પીધી હતી. તેમની તબિયત લથડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવ સંદર્ભે ડભોડા પોલીસ સ્ટેશનના જમાદાર સાહરભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જીઈબી કોલોનીના વસાહતીઓને બિસ્લેરી વોટર જગ દ્વારા પેયજળ અપાશે

આજે ત્રીજે દિવસે પણ વધુ ૪ કેસ મળતાં જીસેકના સત્તાવાળાઓએ કરેલો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ જીઈબી કોલોનીના તમામ વસાહતીઓને હવે જી.સેક. દ્વારા બિસ્લેરી વોટરના સ્પેશ્યલ જગ પેયજળ માટે આપવાનો નિર્ણય સત્તાવાળાઓએ કર્યો છે.

પ્રદૂષિત પાણીને કારણે ત્રીસ જેટલા સાદા ઝાડાના નોંધાયેલા કેસોને પગલે જીસેક સત્તાવાળાઓએ આ મહત્વનો નિર્ણય કર્યો છે તેમજ આ અંગેલોકજાગૃતિ આવે તેમાટે કોલોનીના વસાહતીઓમાં વિશેષ માર્ગદર્શન આપતી પત્રિકાઓનુંપણ વિતરણ કરવા ઉપરાંત ચેનલ ઉપર જાહેરાત પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે પણ સર્વેલન્સ દરમ્યાન વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી આજે સત્તાવાળાઓની મળેલી એક તાકીદની બેઠકમાં પેયજળ માટે ૧૦ દિવસ સુધી બિસ્લેરી વોટરના જગ ઘરદીઠ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે જીસેકના ઉચ્ચ અધિકારીઓની એક તાકીદની બેઠક મળી હતી. જેમાં કોલોનીમાં ઉભી થયેલી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આજે પણ આરોગ્ય સત્તાવાળાઓએ પાણીના નમુના મેળવી ક્લોરીનેશન અંગેના ટેસ્ટ કર્યા હતા જો કે બધાજ નમુના પાસ થયા હતા. આમ છતાં સાવચેતીના પગલાં વધુ સઘન બનાવવાનો નિર્ણય અધિકારીઓની બેઠકમાં લેવાયો હતો.

જીઈબી કોલોનીમાં શહેરના કોમન સપ્લાયમાંથી ૧૦ એમ.એલ.ડી. જેટલુ પાણી દૈનિક પુરૂ પાડવામાં આવે છે. જે જથ્થો ચાલુ રહેશે. જો કે સ્થાનિક કક્ષાએ પાઈપલાઈનોની ચકાસણીની કામગીરી પણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર શહેરની પ્રથમ વસાહત તરીકે અહિ કોલોની અસ્તિત્વમાં આવી હતી તેથી પાઈપલાઈનો જુની થઈ હોવાથી પણ આવી સ્થિતિ ઉભી થઈ હોવાની શંકાઓ વ્યક્ત થતાં તંત્રએ તેની ચકાસણી કરવાનો નિર્ણય કર્યો છે. સર્વેલન્સ દરમ્યાન કોઈ લીકેજીસ નહિ મળ્યાનું જાણવા મળેલ છે.

દરમ્યાન આરોગ્ય તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને ઝડપથી સ્થિતિ પૂર્વવત બની જશે.

આજે વિશ્વ રકતદાન દિન નિમિત્તે જૂના સચિવાલય ખાતે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૩

આજે ૧૪મી જૂન ૨૦૧૨ને વિશ્વ રકતદાન દિન નિમિત્તે ગાંધીનગરના જૂના સચિવાલય, બ્લોક નં. ૧૮ અને સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

માનવ જીવનમાં રકતદાનનું અનેરું મહત્વ છે. અકસ્માત કે આકસ્મિક રીતે ઉભી થયેલી રકતની અછતમાં લોહીનું એક ટીપું પણ વ્યકિતને જીવતદાન આપી શકે છે. આધુનિક અને ઝડપી એવા આ યુગમાં જરૂરીયાત સમયે ગાંધીનગરના રકતદાતાઓનું રકત જરૂરીયાતમંદોને મળી રહ્યું છે. જેનું તારણ ગાંધીનગરમાં નિયમિત રીતે યોજાતો રકતદાન શિબિર છે. આજે ૧૪મી જૂન ૨૦૧૨ને વિશ્વ રકતદાન દિવસ છે. જેના નિમિત્તે ગાંધીનગરના જૂના સચિવાલય, બ્લોક નં. ૧૮ ખાતે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી સ્વૈચ્છિક રકતદાન શિબિર બપોરે ૧૧ થી ૧ વાગ્યા દરમિયાન યોજાશે. 'રકતદાન મહાદાન'ના સૂત્રને ચરિતાર્થ કરતા સૌ નગરજનોને આ શિબિરમાં રકતદાન કરી યોગ્ય સહયોગ આપવા પ્રતિનિધિ વનરાજસિંહ ચાવડાએ ખાસ જણાવ્યું છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૭મી જૂને મળશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ૨૭મી જૂનના રોજ બપોરે ૩ વાગે જિલ્લા પંચાયત ખાતે મળશે.

જિલ્લા પંચાતના પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલના અધ્યક્ષસ્થાને પંચાયતના સરદાર હોલમાં આ સામાન્ય સભા મળશે. આ સામાન્ય સભામાં છેલ્લી બે સામાન્ય સભાઓની કાર્યવાહી નોંધને બહાલી આપવા ઉપરાંત પંચાયતની વિવિધ સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવશે.

આ બેઠકમાં વિકાસના કામો અંગેના જે ટેન્ડરો સરકારની મંજૂરી માટે મોકલવામાં આવ્યા હતા તે મંજૂર થઈ આવતાં તેને પણ બહાલી આપવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લા પંચાયતની આ બેઠકને લઈ હાલ કોઈ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળતી નથી. જો કે આ બેઠકને રૂટીન બેઠક સત્તાધારી પક્ષ લેખાવી રહ્યો છે. સત્તાદારી પક્ષની જૂથબંધીના પડઘા આ સામાન્યસભામાં પડે તેવી શકયતાઓ રાજકીય વર્તુળોમાં વ્યકત થઈ રહી છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં ૧૩મા નાણાં પંચના કામોના આયોજનને લઈ વિપક્ષ પુનઃ એક વખત સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાનો પ્રયાસ કરે તેવી શકયતાઓ પણ નકારી શકાતી નથી.

આ બેઠક માટેનો એજન્ડા સભ્યોને રવાના કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ બેઠકમાં પ્રશ્નોત્તરી દરમિયાન પણ કેટલાક મહત્વના પ્રશ્નો વિપક્ષ તરફથી રજૂ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૬

તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ : શાંઘાઈ : ૧૨.૦૦
રાઉડી રાઠોડ : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ : શાંઘાઈ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
રાઉડી રાઠોડ : ૧૨.૧૫
: સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ : રાઉડી રાઠોડ : ૧૧.૦૦
શાંઘાઈ : ૧.૪૫, ૪.૧૫, ૬.૪૫, ૯.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : પ્રોમથિયસ (૩ડી) હિન્દી : ૧૦.૦૦, ૨.૩૦, ૭.૦૦
મડાગાસ્કર : ૩-યુરોપ્સ મોસ્ટ વોન્ટેડ (અંગ્રેજી) : ૧૨.૩૦, ૫.૦૦
શાંઘાઈ : ૯.૩૦
સ્ક્રીન-૨ : રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
સ્ક્રીન-૪ : શાંઘાઈ : ૧૦, ૧૨.૩૦, ૩, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- રાત્રે ૯.૩૦ કલાકે આર્ટ ઓફ લવર્સ દ્વારા 'એકબીજાને નડતા રહીએ' નાટક.

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે. નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

વૃષભ : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. આરોગ્ય સુખમય.

મિથુન : વાહનની ખરીદી થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સમય શુભ

કર્ક : કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

સિંહ : વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી લેવી.

કન્યા : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય. સમય શુભ

તુલા : માનસિક ચિંતા હળવી બનતી જણાય. કુટુંબિજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

વૃશ્ચિક : ભાગ્યોદયની તક મળી રહે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. એકંદરે સમય સાનુકૂળ.

ધન : આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

મકર : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

કુંભ : કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

મીન : નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીઓનું માર્ગદર્શન અને પ્રગતિમાં સહકાર મળી રહે. વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. સમય શુભ.

ચિરવિદાય

- સ્વ. હર્ષદકુમાર અંબાલાલ રામી (ઉ.વ. ૫૨) બ્લોક નં. ૨૯/૨, સેક્ટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. પિરવાનસીંઘ બુદ્ધિસીંઘ સુનાર (ઉ.વ. ૫૭) જનાલી કોટ, ગાડીશ કોડનં. ૬, અછાળ નેપાળ.

વિકલાંગો માટે એસ.ટી.માં આવક મર્યાદા દુર કરવા માંગણી

ગાંધીનગર, તા. ૧૩

વિકલાંગ પરિવાર કલ્યાણ મંડળ ગાંધીનગર દ્વારા સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવે છે કે વિકલાંગોને એસ.ટી. બસ પ્રવાસ ભાડામાં રાહત આપવા તેમજ આવક મર્યાદા રદ કરવા રજૂઆત કરવામાં આવી છે.

રાજ્ય સરકાર અનેક યોજનાઓની જેમ વિકલાંગોને ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહારની એસ.ટી. બસોની પ્રવાસ ભાડામાં મફત મુસાફરી માટેની યોજના અમલમાં છે. આ યોજના અન્વયે આવક મર્યાદાને ધ્યાને રાખી ઓળખ કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે. આ નિતી રદ કરી આવક મર્યાદા બાધ સિવાય ઓળખકાર્ડ કાઢી આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

ગ્રાહક સાથે લાગણીઓનાં સંબંધમાં વેપારીને ખોટ ખાવી પડે છે એમને શું ખબર કે પલડાંના તળીએ સ્મિતનું ચુંબક ચોંટાડેલું છે

વ્યાપાર એ ગુજરાતની પ્રજામાં રકતકણ- શ્વેતકણની જેમ ભળેલો સ્થાનિક ગ્રાહકો પરનાં ભરોસાના કારણે અને સંબંધને કારણે આજે દુકાનદાર એક નિશ્ચિંત આવકની અપેક્ષા કરે છે. મોલ કલ્ચર આવતાં નાના વેપારી અને દુકાનદારનો વ્યવસાય તૂટી પડશે એવો ભય સેવાતો પણ ભારતીય ગ્રાહકોનું માનસ એટલું જલદી બદલાય એમ નથી. તેઓ કરિયાણું, બેકરી આઈટમ્સ કે ડેરી પ્રોડકટ્સ જેવી રોજબરોજની વસ્તુ લેવાં મૉલમાં દોડતાં નથી. એમને તો એમનાં સેકટર સોસાયટીમાં આવેલી દુકાનો અને પ્રેમથી સસ્મિત આવકારતાં દુકાનદારો જ વધુ વહાલાં લાગે છે!!!

આવાં જ વહાલા અને પ્રેમાળ દુકાનદારોની સેકટર-૮નાં શોપિંગમાં સળંગ ૬ દુકાનની લાઈન છે. સેકટર-૮ એટલે સામાન્યથી લઈ વી.આઈ.પી. પર્સનાલીટી વસે એટલે ઘરાકી પણ વિશિષ્ટ પ્રકારની રહે છે. સવારનાં ૬ થી રાતનાં ૧૦ સુધી ધમધમતાં આ શોપિંગ સેન્ટરમાં મોર્ડન ગર્લથી મજૂરણ સુધીનાં ગ્રાહકોની અવર જવર છે. દુધની કોથળીથી ડિટરજન્ટ પાવડર અને આઈસક્રિમથી ફેસક્રિમ બધું જ હાથવગુ છે. મજાની વાત તો એ છે કે આ છે વેપારીનો ધંધો તેજીમાં છે અને એમાં એમની પ્રોડકટની ગુણવત્તા સાથે એમનો સેવાભાવી સ્વભાવ ગ્રાહક ટકાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. ગ્રાહક ટકાવી રાખવા બાજુના દુકાનદારનો ગ્રાહક ક્યારેય તોડતાં નથી!!

સરકારી કર્મચારીને પ્લોટ અને સરકારી ક્વાટર્સ બનતા આ શોપિંગ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી મોટાભાગનાં વેપારીઓએ એમનો વ્યવસાય ચાલુ કરેલો. આઈસક્રીમ અને ડેરીપ્રોડકટ રાખતાં રાહુલ પાર્લરએ પહેલીજ દુકાન ૧૯૮૮થી ખોલનારાં વિનયભાઈ જ્હા ગ્રાહકની નાડ પારખવામાં નિષ્ણાંત છે. સમય અનુસાર ગ્રાહકની ડિમાન્ડ સમજી એમનાં પાર્લરમાં અવનવાં અખતરાં કરતાં રહે છે. એમની બાજુની જ દુકાનનાં પણ માલિક વિનયભાઈ જ છે. પણ ધંધો ધવલભાઈ પારેખ સાચવે છે. સલમાનખાન જેવી પર્સનાલીટી ધરાવતાં ધવલભાઈનો કામ કરવાનો ઉત્સાહ અને આવકાર ગ્રાહકને ચુંબકની જેમ ખેંચી લાવે છે!!

લક્ષ્મી બેકરીની પ્રોડકટ એટલે ગાંધીનગરાનું વળગણ છે. અહીંયા પણ લક્ષ્મી બિસ્કીટ સ્ટોર્સ

ગોપાલભાઈ ચલાવે છે. બ્રેડ, બિસ્કીટ અને ડેરીપ્રોડકટ સાથે હાજર રહેતાં અને સવારની ચા- કોફી માટે બિસ્કીટ બ્રેડ હાજર રાખતાં ગોપાલભાઈ સાથે પુનીત ગોપલાણી ગ્રાહકોનાં સંતોષ માટે ઉત્સુક હોય છે. છેલ્લી ત્રણ દુકાનો કરિયાણાની છે અને છતાંય ત્રણેય જણાંનો એકસરખો ધંધો હોવાં છતાં પોતપોતાનાં ગ્રાહકો બાંધીને બેઠાં છે, એ પણ કલા કારીગરીજ કહેવાય ને!!

શ્રીનાથ કિરાણા સ્ટોર્સનાં મહેન્દ્રભાઈ મહેતા એટલે સદાય હસતે મોંઢે કરિયાણાની કોથળી ભરતાં જાય નમતું પલડું અને તળીએ એનો સ્મિત ચોંટાડેલું છે. એમનો દિકરો કેવલ મહેતા પણ પપ્પાની પગદંડીએ કરિયાણાનો છલોછલ દુકાન દોડાવી રહ્યો છે. છુટાની ખેંચના જમાનામાં છુટા જતાં કરવાની ભાવનાં રાખતાં શ્રીનાથ કિરાણા સ્ટોર્સ એટલે અન્નપૂર્ણા અને મળતાવડાં સ્વભાવને લઈ એમનો રોજમેળ તગડો રાખે છે!!

ત્રણ કરિણાયાવાળા બાજુમાં પણ એકબીજાની વસ્તુ લેવી તો દુર પણ ભૂલથી કંઈક એમની હદમાં આવે તો પ્રેમથી પાછા આપી દે છે. સરખો ધંધો હોવાથી વસ્તુઓ સરખી છતાં આયોજન અને સમજૂતી એવી કે તકરારને કોઈ અવકાશ નહીં. મદદની ભાવનાં એવી કે ભારે ઘરાકીમાં કે તકલીફનાં સમયમાં મદદ કરવાં નિસ્વાર્થ ભાવે છોડી જાય છે. સેકટર-૮નાં ગ્રાહકો અને લોકો એટલાં જાગૃત કે થેલી વગર આવે તો હાથમાં પડીકાં લઈ ચાલતી પકડે પણ પ્લાસ્ટીકનાં ઝભલાં માટે જીદ ના કરે!! દુકાનદાર અને ગ્રાહકોનાં સંબંધો એટલે મજબૂત કે દસ રૂપિયાની વસ્તુની ડિલીવરી કરવાં પણ દુકાનદાર ઘરે દોડી જાય!!

કોઈકનાં ઘરે મહેમાન હોય અને આઈસ્ક્રીમ માટે ફોન કરે તોય આઈસ્ક્રીમ ઢીલો થાય એ પહેલાં પહોંચતો કરે.. ઉંમરલાયક ગ્રાહકોની થેલીઓ જાતે ઉંચકી પહોંચાડી આવે. આ બધાં દુકાનદારોએ લાગણીનું વાવેતર ગ્રાહકોમાં કર્યું છે. અને એના પાક સ્વરૂપે એમને મીઠાં ફળ જેવાં ગ્રાહકોય મળ્યાં છે. વિનયભાઈ અને ધવલભાઈમાં ગ્રાહકો તો અન્ય સેકટર કે શહેરમાં સેટલ થયાં હોવાં છતાં આજેય સેકટર-૮માંથી પસાર થયા તો આમને મળવા જાય છે. સેન્ટ ઝેવિયર્સનાં ધોરણ-૧૧નો વિદ્યાર્થી રાહુલ જ્હા પણ પપ્પાનાં વ્યવસાયમાં નવરાશનાં સમયમાં મદદરૂપ થાય છે.

આ એ દુકાનદારો છે જે પાડોશીનાં નાતે અરસપરસ કૌટુંબિક સંબંધ ધરાવે છે. સુખ-દુખના પ્રસંગે દોડી જાય છે. ક્યારેક તો બપોર પછી એક સાથે શટર પાડી સાથે ફરવાનો કે પિકનીકનો કાર્યક્રમ ઘડી કાઢી મોજ મનાવે છે. આજે મોલનાં એરકંડીશન માહોલમાં લટાર મારે છે બોયફ્રેન્ડ- ગર્લફ્રેન્ડ ડેટીંગ માટે મોલીંગ કરવાં જાય છે. લોકો નવી નવી વસ્તુ જુએ છે અને રેસ્ટરૂમમાં જઈ મોં ધુવે છે. ડિસ્કાઉન્ટ અને સ્કિમ વગર કશઉં ખરીદતાં નથી ગુજરાતી ગ્રાહક ચતુર કાગડા જેવો છે. મોલમાં ફરશે પણ દુધની કોથળી કે બ્રેડનું પેકેટ તો નજીકની દુકાનેથી જ ખરીદશે અને વેપારી પણ આ ગ્રાહકોને પ્રેમથી સાચવી સંબંધો જાળવી ધંધાનો ગ્રાફ જાળવી રાકશે, પાડોશીઓ સાથે હળીમળીને સ્તો.. !!!

સંબંધ સજાવે જિંદગી
પહેલો સગો પાડોશી
- સંજય ચોરાત
gsrelation@yahoo.com

મૉલ કલ્ચરનાં જમાનામાં વી.આઈ.પી. સેકટરનાં અણમોલ ગ્રાહકોને વિનયભાઈ, રાહુલભાઈ, ધવલભાઈ, ગોપાલભાઈ, મહેન્દ્રભાઈ, બકોરભાઈ, પ્રવિણભાઈ દુકાને ખેંચી લાવવામાં ગર્વ અનુભવે છે